# 23rd ASEAN-India Senior Officials' Meeting

April 28, 2021

---

# 23મી આસયિાન- ભારતના વરષ્ઠિ અધકિારીઓની બેઠક

એપ્રિલ 28, 2021

1. સેક્રેટરી (ઈસ્ટ) શ્રીમતી રિવા ગાંગુલીએ 28 એપ્રિલ 2021ના રોજ થાઈલેન્ડના પર્મેનન્ટ સેક્રેટરી થાની થોંગફાકડી સાથે 23મી આસિયાન- ભારતના વરિષ્ઠ અધિકારીઓની બેઠકનું સહ-અધ્યક્ષપદ સંભાળ્યું હતું. આ વર્ચ્યુઅલ બેઠકમાં આસિયાનના તમામ દશ સભ્ય દેશો અને ભારતના વરિષ્ઠ અધિકારીઓએ ભાગ લીધો હતો.

2. આ બેઠકમાં આસિયાન-ભારતના સહકારની રાજકીય-સુરક્ષા, આર્થિક, સામાજિક-સાંસ્કૃતિક અને વિકાસમાં સહયોગની દૃષ્ટિએ સમીક્ષા કરવામાં આવી હતી. આ બેઠકમાં આસિયાન - ઈન્ડિયા પ્લાન ઓફ એક્શન (2021-2025) લાગુ કરવાના પગલાં વિશે ચર્ચા થઈ હતી તથા આસિયાન-ભારત વ્યૂહાત્મક ભાગીદારીને વધુ મજબૂત બનાવવાની ચર્ચા થઈ હતી. આ બેઠકમાં કોવિડ-19 રોગચાળા સામેની લડાઈને મજબૂત બનાવવાના ઉપાય તથા પરસ્પર હિતના મહત્ત્વના પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય મુદ્દાને આવરી લેવાયા હતા.

3. સેક્રેટરી (ઈસ્ટ)એ તેમની ટિપ્પણીમાં છેલ્લા ત્રણ વર્ષથી આસિયાન - ઈન્ડિયા ડાયલોગ રિલેશન્સમાં કન્ટ્રી કોઓર્ડિનેટર તરીકે થાઈલેન્ડે ભજવેલી મજબૂત અને સહાયક ભૂમિકાને આવકારી હતી. તેમણે આગામી કન્ટ્રી કોઓર્ડિનેટર તરીકે સિંગાપોર સાથે કામ કરવાની અપેક્ષા વ્યક્ત કરી હતી. ભારતના ઈન્ડો-પેસિફિક વિઝનમાં આસિયાનના મહત્ત્વ પર ભાર મૂકીને તેમણે જણાવ્યું કે ભારત ઈચ્છે છે કે ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં એક મજબૂત, સંગઠીત અને સમૃદ્ધ આસિયાન મહત્ત્વની ભૂમિકા ભજવે તથા બધાની સુરક્ષા અને વૃદ્ધિમાં યોગદાન આપે. સેક્રેટરી (ઈસ્ટ)એ ભારતની ઈન્ડિયા-પેસિફિક ઓસન્સ ઈનિશિયેટિવ (આઈપીઓઆઈ) અને આસિયાન આઉટલૂક ઓન ઈન્ડો-પેસિફિક (એઓઆઈપી) વચ્ચે સહયોગ વધારવા પર ભાર મૂક્યો હતો જેથી આસિયાન- ભારત વ્યૂહાત્મક ભાગીદારીને વધુ મજબૂત બનાવી શકાય.

4. આસિયાનના વરિષ્ઠ અધિકારીઓએ વર્ષ 2022ને આસિયાન- ભારત મિત્રતાના વર્ષ તરીકે ઉજવવાની દરખાસ્તને આવકારી હતી કારણ કે તે આસિયાન-ભારત સેક્ટોરલ ભાગીદારીની 30મી વર્ષગાંઠ, મંત્રણા ભાગીદારીની 25મી વર્ષગાંઠ, સમિટ-લેવલની ભાગીદારીની 20મી વર્ષગાંઠ છે અને તે વર્ષે વ્યૂહાત્મક ભાગીદારીના 10 વર્ષ થાય છે. તેમણે આસિયાન તથા આ પ્રદેશમાં આસિયાનના નેતૃત્વ હેઠળના માળખાને ભારતે આપેલા સમર્થનને પણ બિરદાવ્યું હતું.

5. ભારત અને આસિયાન વચ્ચેના મજબૂત સાંસ્કૃતિક, આર્થિક અને રાજકીય સંબંધો ભારત અને આસિયાનને વધારે જોડાયેલા રાખવાના વિઝનનો આધાર છે.

**નવી દલ્હિી**
**એપ્રલિ 28, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.